ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
આઝાદી કા અમૃત મહોત્સવ
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ:-2282/04/2024** **તા.02.04.2024**

# નવસારી ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની વિશેષ ઉપસ્થિતિમા પ્રબૃદ્ધ નાગરિક સંમેલન યોજાયુ

----

## આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ વડાપ્રધાન બન્યા પછી નવસારીને ઘણી સરકારી યોજનાનો લાભ મળ્યો.- શ્રી સી.આર.પાટીલ

----

## નવસારીમા પીએમ મીત્ર પાર્કથી રોજગારીની વધુ તકોનુ સર્જન થશે. – શ્રી સી.આર.પાટીલ

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમા જણાવે છે કે, નવસારી ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની વિશેષ ઉપસ્થિતિમા પ્રબૃદ્ધ નાગરિક સંમેલન યોજાયુ. આ કાર્યક્રમમા જીલ્લા પ્રમુખશ્રી ભુરાભાઇ શાહે સ્વાગત પ્રવચન કર્યુ હતું.

પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ સરકારના વિવિધ કામો અને નવસારીમા થયેલ વિકાસના કામો ની માહિતી આપતા જણાવ્યું કે, 2019મા નવસારીના મતદારોએ રેકોર્ડ કર્યો છે.2014 પછી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ વડાપ્રધાન બન્યા પછી નવસારીને ઘણી સરકારી યોજનાનો લાભ મળ્યો. મોદી સાહેબે દરેક સાંસદ અને મંત્રીશ્રીઓને આદર્શગામ બનાવવા આહવાન કર્યુ જેમા સૌથી પહેલુ આદર્શ ગામ ચિખલી બનાવ્યું અને મોદી સાહેબે ચિખલી ગામ કેવુ છે તે જોવા સાંસદ અને મંત્રીશ્રીઓને મોકલ્યા હતા. નવસારી જિલ્લામા દરેક ઘરે ગેસ કનેકશન હોય અને સ્મોકલેસ જીલ્લો બનાવવાનો યશ પણ નવસારીને મળ્યો.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

શ્રી પાટીલજીએ વધુમા જણાવ્યું કે, પીએમ મીત્ર પાર્ક અંહી તૈયાર થશે જેમા મોટી સંખ્યામા રોજગારી મળવાની છે. આ પાર્કથી નવસારીનો વિકાસ ઝડપથી થવાનો છે. સુરતના ડેવલોપમેન્ટ માટે આવનાર 50 વર્ષમા ઇન્ડસ્ટ્રની પાણી પુરુ પાડવા તેજમ જે વસ્તી વધશે તેમને પીવાનુ પાણી પુરુ પાડવા અને પુર ન આવે તેવી વ્યવસ્થાનુ આયોજન કર્યુ છે. સુરત મહાનગર પાલિકાની અધ્યતન બિલ્ડીગ બની રહી છે. પહેલા ડાંગમા વરસાદ આવે તો નવસારીમા પુર આવે તેવી સ્થિતિ હતી પરંતુ આપણે ડેમ બનાવી આ સ્થિતિ દુર કરી.નવસારીમા શુદ્ધ પિવાનુ પાણી મળે તે માટેની વ્યવસ્થા કરવામા આવી છે.

શ્રી પાટીલજીએ વધુમા જણાવ્યું કે, તાપી નદીને 20 ફૂટ ઉંડી કરવાનુ આયોજન કરવામા આવ્યું છે. બુલેટ ટ્રેન પણ શરૂ થવાની છે. નવસારીમા દુબઇ અને શારજાહ ની ફ્લાઇટો ચાલુ થઇ છે આવનાર દિવસમા ઇન્ટરનેશનલ ફ્લાઇટો શરૂ થાય તે દિશામા પ્રયાસ કરીશું. મોદી સાહેબે ગુજરાતના રાજકોટમા એક એઇમ્સ સહિત કુલ સાત એઇમ્સ હોસ્પિટલ આપી છે. મોદી સાહેબે ભાજપના સ્થાપના દિવસથી જે પણ સંકલ્પ પત્રોમા વચનો આપ્યા હતા તેમાથી મોટા ભાગના સંકલ્પો પુર્ણ કર્યા છે. આજે આયુષ્યમાન કાર્ડ થકી ગરિબ દર્દીને પણ ઉત્તમ સારવાર મફત મળે છે.

આ કાર્યક્રમમા નવસારી જીલ્લા પ્રમુખ શ્રી ભુરાભાઈ શાહ,પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી જનકભાઈ બગદાણા, પ્રદેશના મંત્રી શ્રીમતી શીતલબેન સોની, જીલ્લા પંચાયતના પ્રમુખશ્રી પરેશભાઈ દેસાઈ, ધારાસભ્યશ્રીઓ શ્રી નરેશભાઈ પટેલ , શ્રી રાકેશભાઈ દેસાઈ, જિલ્લા મહામંત્રીશ્રીઓ તેમજ પદાધિકારીશ્રીઓ સહિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)